૭૦૧/૮૦૯

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૩ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

**વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે**

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ભગવાનના ભક્તને જો બિવરાવતો હોય ને તે પ્રભુનો ભક્ત હોય તો પણ તેને કેવો જાણવો ?
૨. સંતો જાણપણારૂપ દરવાજે રહ્યા છતાં પણ દેહની ક્રિયા કેવી રીતે કરે છે તે શ્રીજીમહારાજ કયા દૃષ્ટાંતે સમજાવે છે ?
૩. શેણે કરીને ભક્ત પણ ત્રણ પ્રકારના છે ?
૪. લોયા - ૫ વચનામૃતનું મથાળું શું છે ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. સૂઝે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તો પણ મતિ અવળી ન થાય તે શાણે કરીને થાય ?
૨. ભગવાનની માયાને કોણ તરી ચૂક્યો છે ?
૩. કયે સાધને કરીને બાહ્ય ઇન્દ્રિયો જિતાય છે ?
૪. ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતનાં લક્ષણ શું ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૩]

૧. શ્વાન અને ખીર
૨. પૃથુરાજાના દૃષ્ટાંતે અસાધારણ ભક્તિ અને તેની પ્રાપ્તિનો ઉપાય
૩. પોતાની માતા, બોન અથવા દીકરીના દૃષ્ટાંતે સત્સંગનું પ્રધાનપણું

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. ગોંડલના ભગવત્સિંહ બાપુ પાસે કૂતરો પહોંચી જતાં બાપુએ દરવાનને પાંચ રૂપિયા દંડ કર્યો.
૨. 'કે'દિ દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન.....'
૩. જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતલડી, બ્રહ્માનંદ કહે સંશય થયો નહીં, ધન્ય તમારી છાતલડી.
૪. કરી કરુણા રે સ્વામી સહજાનંદ પધાર્યા અખંડ સુખ આપવા.... મુક્તાનંદ સ્વામી

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૬]

૧. તેમ જેને આ બે વાતે ....... સત્સંગી પણ એને જ કહીએ.
૨. જેને પોતાનું કલ્યાણે ....... દાસાનુદાસ થઈ રહેવું.
૩. જીવને જેવી દેહને વિષે ....... વિમુખ થાય નહિ.

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૪ અને ૫' - નવી આવૃત્તિના આધારે**

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. પંચાળામાં ફૂલદોલ ઉત્સવ અને મહારાસ
૨. શ્રીહરિ અને પરમહંસોનો પરસ્પર સ્નેહસંબંધ ('ગુજરાતની કાયાપલટ' થી 'મહારાજના શરીરમાં ટૂંટિયું પ્રવેશે છે' સુધીના જ પ્રસંગો)
૩. શ્રીજીમહારાજની હરિભક્તો પ્રત્યેની આત્મીયતા ('મહારાજના શરીરમાં ટૂંટિયું પ્રવેશે છે' થી 'ધર્મકુળ પરિવારનું શ્રીહરિ સાથે મિલન' સુધીના પ્રસંગો)

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. જૂનાગઢ મંદિર નિર્માણમાં ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનો પુરુષાર્થ
૨. સત્સંગમાં કુસંગ ('સમુદ્રમંથન : સત્સંગમાં અમૃત અને વિષ' અને 'ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા' થી 'ગઢપુરમાં મહારાજ ઘેરો મંદવાડ ગ્રહણ કરે છે' સુધીના જ પ્રસંગો)
૩. શ્રીજીમહારાજે કરાવેલી પ્રગટ અક્ષરધામની ઓળખ ('મહારાજના શરીરમાં ટૂંટિયું પ્રવેશે છે' થી 'સંતોના વિશિષ્ટ ગુણો' સુધીના જ પ્રસંગો)

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. આ સત્સંગના નિયમ તમે ધાર્યા એટલે સાચા ધર્મવંશી થયા.
૨. કાંટા વાગે પણ આપનાં દર્શન ક્યાંથી ?
૩. વડોદરાના રાજવૈદ્ય ગઢપુર આવે છે.

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૩-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

૪. મૂર્તિ ધારીને અંગરખું બનાવ્યું લાગે છે.
૫. આજ તો ભલે પારખાં થઈ જાય.

**પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. નિત્યાનંદ સ્વામી ('ગુજરાતની કાયાપલટ' થી 'મહારાજના શરીરમાં ટૂંટિયું પ્રવેશે છે' ત્યાં સુધીના જ પ્રસંગો)
૨. એરન સાહેબ

**વિભાગ - ૩ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૧૨]

૧. કરુણાનો બૃહદ અધ્યાય : ઈ. સ. ૧૮૮૭નો દુષ્કાળ
૨. શાસ્ત્રીજી મહારાજના લાડીલા સ્વામીશ્રી
૩. સ્વામીશ્રીનું નિરાળું નેતૃત્વ

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો. (દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૬]

૧. વ્યક્તિનું સમ્યક ઘડતર કરતાં સ્વામીશ્રી
૨. યોગીજી મહારાજના આજ્ઞા-અનુવૃત્તિના માલમી સ્વામીશ્રી
૩. સદ્‌ગુણોનું સરોવર : શાંતિલાલ
૪. સ્વામીશ્રીનું પત્રલેખન

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો.** [૬]

૧. સેવાની રકમ ઓછી કરાવી.
૨. માયાનો પેચ ભુલભુલામણીવાળો છે.
૩. મુંબઈના દોલતભાઈનું સ્વામીશ્રી સાથે અંતિમ મિલન
૪. બાલમુકુન્દ સ્વામીની સંભાળ.

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. સંપ્રદાયના 'વ્યાસ' : શ્રી હર્ષદરાય દવે (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર ૨૦૧૩)
૨. या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यते मुने : ॥ (સ્વામિનારાયણ પ્રકાશ - માર્ચ ૨૦૧૪)
૩. એવા શાસ્ત્રીજી મહારાજને અમારાં લાખો વંદન હો. (સ્વામિનારાયણ પ્રકાશ - માર્ચ ૨૦૧૪)

❊ ❊ ❊

**સૂચના :-** આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી **website - link** પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિ:શુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**